૧) હમણાં જ તું છુઆછૂતમાં સમજે છે ! ૨) કોની છીંટ અને કોણ ભેટ કરે !	૧) **ગુરુસુખ – ગુસાંઈજીને શ્રમ ન થાય તે** માટે પંડિતોને વાદ કરી હરાવીને મોકલી દેતા. ૨) સેવાફળ ગ્રંથ તથા ટીકા સંભળાવી.) કૃપાબળ – પંડિતોને વાદમાં હરાવતા.) માનસીમાં મગ્ન રહેતા.

( ) તમે સદા ભગવત્ સેવામાં મગ્ન રહેશો.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

( ) ત્યારે વિષ્ણુદાસે કહ્યું, મારું મન એમ જ કહે છે કે હું જુદો રહું.
पु.प्र.म ४ – २० वैदिकत्वं लौकिकत्वं, कापट्यात्तेषु नान्यथा

( ) ત્યારે સ્ત્રી દસ વીસ ગાળો દઈ ચાલી ગઈ.
वि.धै ८ – ७ भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत्

( ) દિવસ રાત માનસી સેવામાં અને શ્રીઆચાર્યજીના ગ્રંથ શ્રીસુબોધિનીજીના ભાવમાં મગ્ન રહે.
चतुः. १० – ४ स्मरणं भजनं चापि, न त्याज्यमिति मे मतिः

(૧) તેથી પંડિતો મનમાં સમજતાં કે જેના પોળિયામાં આવું સામર્થ્ય છે કે અમારાથી જવાબ ન અપાયો.
यमु. १ – ५ सकलसिद्धिदा सेवताम्

(૧૧) અને વ્રજભક્તોનો ભાવસંબંધ હતો તેથી વ્રજભક્તોના પ્રેમથી વશ થયા.
पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
ઈશ્વરી	**ક્ષત્રિય**	**સિંહનદ**	

પ્રસંગ	તત્ત્વબોધ
૧) નાચગાનનો શોખ હતો. ઠગલોકોથી છેતરાઈને જેલમાં ગયા તે મહાપ્રભુજીએ છોડાવ્યા. ૨) દીનતા ખૂબ હતી.) મહાપ્રભુજીની આણથી વરસાદને વરસતો રોક્યો.	૧) વૈષ્ણવો જૂઠું ન બોલે. ૨) યમુના સ્નાનથી દુઃખ દૂર થાય તેમજ **તનુનવત્વ પ્રાપ્ત થાય એવો વિશ્વાસ** હતો.) **વિશ્વાસ હતો કે આચાર્યજીના નામથી** મેહ નહિ વરસે.) પોતાનું માહત્મ્ય ન વધે તે જોવું, નહિ તો અહંકાર આવે. ૫) તુ છ કાર્યમાં ઠાકોરજીને શ્રમ ન કરાવવો.

૫૧. વણદાસ ત્રિ

(૧) શ્રીયમુનાજીમાં નહાવાથી અને પાન કરવાથી બધાં દુઃખ જાય છે, નવીન દેહ થાય છે, વૈષ્ણવો જૂઠું બોલે નહીં.
यमु. १ – ७ तनुनवत्वमेतावता
पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्

(૨) વૈષ્ણવે જીવણદાસની સાથે જઈ તે વેપારીને કહ્યું, જીવણદાસને છોડી દો, રૂપિયા સો અમારીપાસેથી લો.
न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा

( ) આ લૌકિક બંદીખાનેથી આપે છોડાવ્યો તો હવે આ સંસારરૂપી બંદીખાનામાંથી પણ મને છોડાવો.
वि.धै ८ – १० ऐहिके पारलोके च, सर्वथा शरणं हरिः

( ) જીવણદસે ચોથા દિવસે મહાપ્રસાદ લીધો, તેનો દેહ ઉત્તમ થઈ ગયો.
यमु. १ – ७ तनुनवत्वमेतावता

(૫) શ્રીઆચાર્યજી કહે, આ બ્ર સંબંધના અધિકારીનથી, એમનો નામથી જ ઉદ્ધાર થશે.
बा.बो २ – १८ अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः

વણદાસ ત્રિ

વાર્તા – ૫૧

ઉદ્‌ગાર વાક્યો	વિશિષ્ટતા
૧) આ બધાં રોમે રોમ આપના દેવાદાર છે. આપ જયાં વેચશો ત્યાં વેચાઈશું. ૨) એવો તે કોણ છે કે આપની આણ લીધા પછી વરસે !	૧) કૃપાળુતા - કેદખાનેથી સેવક ન હતા તો પણ મુક્ત કરાવ્યા. ૨) રંગ રાગમાં મસ્ત હતાં તો પણ સેવક કર્યા.) પ્રતાપબળ - મેહ વરસતો અટકાવ્યો.

( ) હવે તમે ઘરમાં રહી સેવા કરો.
भक्ति. ११ – २ गृहे स्थित्वा स्वधर्मतः
भक्ति. ११ – २ अव्यावृत्तो भजेत् कृष्णम्

( ) હવે તમને સંસારનું સુખ-દુઃખ બાધા નહીં કરે વળી જે તમે મનમાં ધારશો તે બધો મનોરથ પૂર્ણ થશે.
न.र ६ – ७ अतः सेवापरं चित्तं, विधाय स्थीयतां सुखम्

( ) પછી જીવણદાસે મેઘની તરફ જોઈને કહ્યું, તને શ્રીઆચાર્યજીની આણ છે, હમણાં ન વરસીશ.
कृष्णा. ९ – १० सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्

( ) એવો તે કોણ છે કે આપની આણ દીધા પછી વરસે ?
वि.धै ८ – १५ ब्रह्मास्त्र–चातकौ भाव्यौ, प्राप्तं सेवेत निर्ममः

(૧) કારણ કે ઘણું માહાત્મ્ય વધે તો કયારેક અહંકાર આવે અને અનિષ્ટ જ થાય.
सं.नि १४ – ६ विषयाक्रान्तदेहानां, नावेशः सर्वदा हरेः
सि.मु ३ – १४ संसारी यस्तु भजते, स दूरस्थो यथा तथा ।
अपेक्षितजलादीनामभावात् तत्र दुःखभाक् ॥

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
સુગંધિની	**સરસ્વત બ્રાહ્મણ**	**હાજીપુર**	**પાદુકાજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) કમાવા જતાં રસ્તામાં જ આચાર્યજીનો સંગ થઈ ગયો. ૨) પરિક્રમામાં મહાપ્રભુજી માટે છાયા-પંખો કરતા અને બિછાનાની વ્યવસ્થા કરતા.) મહાપ્રભુજી જયાં બિરાજતા હતા ત્યાં નિત્ય અપરસમાં દંડવત્ પ્રણામ કરતાં.	૧) ભગવાનને જે કોઈ ન જાણે તેને શૂદ્રથી પણ હલકો જાણવો. અને ભગવાનને જે જાણે તેને બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ ગણવો. ૨) **ગુરુ પ્રસન્ન થાય તો ઠાકોરજી પ્રસન્ન** થયા છે તેમ જાણીએ.

પર. ભગવાનદાસ સારસ્વ

(૧) રસ્તામાં શ્રીઆચાર્યજી શ્રીમુખથી વાર્તા વૈષ્ણવોને કહેતા તે તેઓ પાછળ બેસીને સાંભળતાં.
जल. १२ – १७ तेऽमृतोदाः समाख्याता स्तद्वाक्पानं सुदुर्लभम्
(૨) શ્રીઆચાર્યજીએ કહ્યું શ્રીઠાકોરજી કૃપા કરે ત્યારે સમજી શકાય.
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः
( ) શ્રીઆચાર્યજી કહે સેવક થવું બહુ કઠણ છે..... અને સેવક થયે તો દાસ થવું પડે.
अं.प्र ७ – ४ आज्ञैव कार्या सततं, स्वामिद्रोहोऽन्यथा भवेत्
( ) પરંતુ અમે અજ્ઞાની છીએ, આપના સ્વરૂપને ન જાણ્યું તેથી અપરાધ ક્ષમા કરો.

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
સુંદરી	**સાચોરા બ્રાહ્મણ**	**રાજનગર**	**અષ્ટાક્ષરમંત્ર**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) પંડિતને વાદમાં હારેલો જાણીને પ્રભાવિત થયા, સેવક થયા. ૨) ભીતરિયા તરીકે ગુસાંઈજી પાસે રહ્યા.) સામગ્રી દાઝી જેથી ગુસાંઈજી ખીજયા.) અચ્યુતદાસે વિનંતી કરી ફરી સેવામાં લેવડાવ્યા.	૧) વિદ્યા ભણવાથી બે જાતનાં ફળ મળે. (અ) શીતલ જળરૂપ સત્પુરુષને થાય, મન શાંત થાય, અંદરનાં નેત્ર ખૂલે, સુખદુ:ખને સમાન ગણે, જીવનમાં ભગવદ્બુદ્ધિ થાય. દીનતા, સંતોષ, નિર્મળતા, અક્રોધ અને પૂર્ણઆશ્રિત થાય. (બ) ઓછું પાત્ર શાસ્ત્ર ભણે તો અગ્નિરૂપ થાય જેથી કામ, ક્રોધ, મત્સર આવે, અને દુ:ખી થાય. આ લોક અને પરલોક બગડે. આ અગ્નિરૂપ છે. ૨) દ્રવ્ય ભાગ્યથી મળે છે.) સેવા સામગ્રી સાવધાનીથી કરવી.

ભગવાનદાસ સારસ્વ વાર્તા – પર

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) મહારાજ, આપનું જળ તો શૂદ્ર લાવે છે, વાસણ માંજે છે, તો હું તો બ્રાહ્મણ છું, મારાથી કેમ સેવા નથી કરાવતા !	૧) **ગુરુસુખ - રસ્તામાં છાયા - પંખો** કરતા અને લાયક ઉતારો બનાવતા. ૨) **આચાર્યજી નિત્ય દર્શન દેતાં, ગુરુમાં** વિશેષ પ્રેમ હતો.

वा.बो २ – १६ जीवाः स्वभावतो दुष्टाः
(૫) ઉષ્ણકાળમાં મોટો પંખો બનાવી માર્ગમાં છાયા કરતાં ..... રસોઈની પરચારગી કરતા.
अं.प्र ७ – ५ सेवकस्य तु धर्मोऽयं, स्वामी स्वस्य करिष्यति
( ) તમે એમની સેવા સુંદર રીતિથી કરજો.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता
( ) તે જે ઠેકાણે શ્રીઆચાર્યજી મહાપ્રભુ બિરાજયા હતા ત્યાં ભગવાનદાસ ચોકી કરીનિત્ય પોતું કરતા, નિત્ય સવારે નહાઈને દંડવત્ પ્રણામ કરતા. તેઓ એમ જાણતા કે સાક્ષાત્ શ્રીઆચાર્યજી અહીં બિરાજે છે.
पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

ભગવાનદાસ સાચોરા વાર્તા – ૫૩

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) આપ હમણાંથી જીવનો દોષ જોવા લાગ્યા તો જીવનો ઉદ્ધાર કેમ થશે ! ૨) શ્રી વિઠલેશ ચરણકમલ, પાવન ત્રિલોકી કરન	૧) ચતુ: લોકી ભણાવ્યો. ૨) ગુસાંઈજી ખીજયા - સામગ્રી દાઝી ગઈ અને પ્રભુને ધરી.) વૈષ્ણવ બહુ કૃપાળુ છે - સેવામાં લેવા માટે ગુસાંઈજીને વિનંતી કરી.) વૈષ્ણવના દુ:ખે અચ્યુતદાસના નેત્રમાંથી જળ વહેવાં લાગ્યાં. ૫) કીર્તન રચતા.

૫૩. ભગવાનદાસ સાચોરા

(૧) દુ:ખને અને સુખને ભગવદ્ ઈચ્છા માને, જગતમાં જીવ માત્રમાં ભગવદ્ બુદ્ધિ થાય ..... અને ભગવાનનો આશ્રિત થાય, તો તેનું ભણવું સફળ છે.
वि.धै ८ – १ विवेकस्तु हरिः सर्वम्, निजेच्छातः करिष्यति

(૨) સર્વમાં ભગવદ્ ભજન શ્રેષ્ઠ છે.
सि.मु ३ – १९ ज्ञानाधिको पुष्टिमार्ग, एवं तस्मान्निरूपितः

( ) ક્યારેક અમારીઅપ્રસન્નતા થાય તો તને ભગવત્ પ્રાપ્તિમાં અંતરાય થાય.
अं.प्र ७ – ४ आज्ञैव कार्या सततं, स्वामिद्रोहोऽन्यथा भवेत्

( ) જ્યારે શ્રીગુસાંઈજી ભોગ સરાવવા પધાર્યા ત્યારે બગડેલી સામગ્રી જોઈ તેથી ભગવાનદાસ ઉપર બહુ ખીજ્યા. અને સેવાથી બહાર કર્યા.
अं.प्र ७ – २ कदाचिदपमानेपि, मूलतः का क्षतिर्भवेत्

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
મધુરા	**સનોઢિયા બ્રાહ્મણ**	**મથુરા**	

પ્રસંગ	તત્ત્વબોધ
૧) નવવર્ષની ઉંમરે ગોવર્ધન આવ્યા તો ત્યાં જ વૈરાગીની જેમ રહી પડ્યા. ૨) વ્રજમાં અહીં તહીં રહેતા. મહાપ્રભુજીએ કૃપા કરી. માનસી સિદ્ધ કરી દીધી.) ગુસાંઈજી તેમના નેત્રમાં મહાપ્રભુજીનાં દર્શન કરવા પધારતા.) ભગવાનદાસને સેવામાં લેવા શ્રીગુસાંઈજીને વિનંતી કરી.	૧) વૈષ્ણવ વૈષ્ણવનું દુ:ખ જોઈને દ્રવી જાય. ૨) શ્રીવલ્લભની કૃપા થાય તો જીવને સીધી જ માનસી સિદ્ધ થઈ શકે.

૫૪. અચ્યુતદાસ સનોઢિયા

(૧) ચરણામૃત આપ્યું. તેનું અચ્યુતદાસે પાન કરીહાથ અને નેત્રોથી લગાડી, મસ્તક ઉપર લગાડી હૃદયથી લગાડ્યું એટલે અચ્યુતદાસનાં નેત્ર અલૌકિક થઈ ગયાં, લીલાનાં દર્શન કરવા લાગ્યા.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः

(૨) એથી માનસી સેવામાં મગ્ન થઈ ગયા.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

(૫) અચ્યુતદાસે કહ્યું ..... શ્રીગુસાંઈજી પરમ દયાળ છે, ફરીતમને સેવા દેશે.
अं.प्र ७ – ५ सेवकस्य तु धर्मोऽयं, स्वामी स्वस्य करिष्यति
निं.ल १५–४/१५–५ महतां कृपया यद्वत्, कीर्तनम् सुखदम् सदा

( ) ત્યારે જોયું તો અચ્યુતદાસના નેત્રમાંથી જળ બહુ જ વહે છે.
पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः
पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्

( ) આપ હમણાંથી જ જીવનો દોષ જોવા લાગ્યા, તો જીવનો ઉદ્ધાર હવે કેમ થશે ?
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः

( ) જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેના સકળ દોષ દૂર થશે અને આપ દોષ જોવા લાગ્યા તેનું મને મોટું દુ:ખ છે.
सि.र ५ – २ सर्वदोषनिवृत्तिर्हि

( ) ભગવાનદાસ સેવામાં મન લગાડીને ભયસંયુક્ત સેવા કરવા લાગ્યા.
सि.मु ३ – २ चेतस्तत्प्रवणं सेवा, तत्सिद्धयै तनुवित्तजा

અચ્યુતદાસ સનોઢિયા । **વાર્તા – ૫૪**

ઉદ્‌ગાર વાક્યો	વિશિષ્ટતા
૧) હું તો વૈરાગી છું. મારું લગ્ન તો થયું જ નથી.... ગોવર્ધનની દસ-વીસ પરિક્રમા કરી મન થશે ત્યારે આવીશ.	૧) માનસીમાં મગ્ન રહેતા. ૨) તેમનાં નેત્રમાં મહાપ્રભુજીનાં દર્શન થતાં.) વિરહમાં રહેતા.

( ) શ્રીગુસાંઈજી નિત્ય તેમને દર્શન દેવા પધારતા. ઉપરનો આ ભાવ મર્યાદા રાખવા માટે કહ્યો, પરંતુ શ્રીગુસાંઈજીતો તેમનાં દર્શન કરવા પધારતા..... અચ્યુતદાસનાં નેત્રમાં શ્રીમહાપ્રભુજી ઝલકતાં.
पु.प्र.म ४ – २० वैदिकत्वं लौकिकत्वं, कापट्यात्तेषु नान्यथा

( ) અચ્યુતદાસની વાર્તાનો બહુ પ્રકાશ નથી કર્યો, કેમકે એમને વિપ્રયોગ છે.
निं.ल १५ – १ यच्च दुःखं यशोदाया, नंदादीनां च गोकुले

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
મોહની	**ગૌડ બ્રાહ્મણ**	**મહાવન**	**મદનમોહનજી**

પ્રસંગ	તત્વબોધ
૧) ગિરિરાજની પરિક્રમા બહુ કરતા. ૨) ત્રણ પરિક્રમા એક સાથે કરી ત્યારે પ્રભુ, ગિરિરાજજીનાં દર્શન થયાં.) બગીચામાંથી સ્વરૂપ મળ્યું.) આચાર્યજીએ આસુરવ્યામોહલીલા કરી પછી વિરહથી દેહ છોડયો.	૧) આચાર્યજીનાં વચન ઉપર અટલ **વિશ્વાસ હતો.** ૨) ભગવત્ સેવાથી પ્રેમ થાય.

૫૫. અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણ

(૧) હવે એક સાથે ગોવર્ધનની ત્રણ પરિક્રમાની આજ્ઞા કરીછે તેથી હું ગોવર્ધન જાઉં છું.
ન.ર ૬ – ૭ सेवाकृतिर्गुरोराज्ञा

(૨) શ્રીઆચાર્યજી મહાપ્રભુને વિનંતી કરીમહારાજ, પ્રેમનું દાન કૃપા કરીને કરો.
भक्ति. ११ – ३ ततःप्रेम तथासक्ति र्व्यसनं च यदा भवेत्

( ) ભગવત્ સેવા કરો તો પ્રેમ થાય.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
રસાત્મિકા	**સારસ્વત બ્રાહ્મણ**	**કડા**	**પાદુકાજી**

પ્રસંગ	તત્વબોધ
૧) કુટુંબીજનો સઘળા મૃત્યુ પામ્યા, જેથી દુ:ખી હતા. ૨) આચાર્યજીએ વિદાય કર્યા તો વિરહમાં નેત્રમાં જલ ભરાઈ આવ્યાં.) આસુરવ્યામોહ લીલા પછી પણ આપ દર્શન દેતાં તેનો અનુભવ વૈષ્ણવને કરાવ્યો.	૧) ભગવદીયોને આચાર્યજીનાં નિત્ય દર્શન થાય. ૨) સ્વરૂપ અનન્યતા અને વિરહ ફલસાધક છે.

૫૬. અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ

(૧) પછી વેદમંત્ર ભણી એક અંજલિ જળ છાંટયું, ત્યારે અચ્યુતદાસના હૃદયમાં વિવેક, ધૈર્ય અને ભગવાનનો આશ્રય દૃઢ થઈ ગયો.
वि.धै ८ – १ विवेकधैर्ये सततं रक्षणीये तथाश्रयः
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः

(૨) હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું, જયાં તું રહીશ ત્યાં હું તને દર્શન દઈશ.
बा.बो २ – १८ समर्पणेनात्मनो हि, तदीयत्वम् भवेद् ध्रुवम्

હાલ
શ્રીજીદ્વાર

અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણ વાર્તા – ૫૫

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) ગિરિરાજજીની પરિક્રમા ઘણી કરી, કોઈ ચમત્કાર જોયો ? ૨) એકસામટી ત્રણ પરિક્રમા કરજે.) ભગવત્ સેવા કરો તો પ્રેમ થાય.	૧) **મહાપ્રભુજીનાં વચનમાં વિશ્વાસ.** ૨) તેમનાં હૃદયમાં આચાર્યજી બિરાજતાં જેથી ગુસાંઈજી તેમને દંડવત્ પ્રણામ કરવા ન દેતા.) આચાર્યજીમાં અતૂટ પ્રેમ. વિરહમાં દેહ છોડયો.

( ) અને અચ્યુતદાસના ઘરમાં રહી પુષ્ટિમાર્ગની બધી રીત બતાવી.
ન.ર ૬ – ૭ सेवाकृतिर्गुरोराज्ञा

(૫) શ્રીગુસાંઈજી અચ્યુતદાસને દંડવત્ પ્રણામ કરવા ન દેતાં અને કહેતાં જે તમારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्

( ) પછી વિરહ ઘણો થયો તેથી રહેવાય નહીં. પછી બદ્રીકાશ્રમ થઈ અન્ન જળ છોડી દેહત્યાગ કર્યો.
नि.ल १५–१३ संसारविरहकलेशौ, न स्यातां हरिवत्सुखम्

અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ વાર્તા – ૫૬

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) કાશીમાં લૌકિકલીલા જોઈને સંદેહ ન કરીશ, હું મારા ભક્તોના ઘરે સદા બિરાજું છું.	૧) દુ:ખી જાણી કૃપાથી અંગીકાર કર્યો. ૨) આચાર્યજી હંમેશા એમને દર્શન દેતા. તેમના સ્વરૂપમાં અનન્યતા.

( ) તેથી હવે ઘરે જઈ ભગવત્ સેવા કરો. भक्ति. ११ – २ गृहे स्थित्वा स्वधर्मतः

( ) અચ્યુતદાસે કહ્યું, શ્રીઆચાર્યજી એવું કદીયે ન કરે, એને મોહ થયો હશે.
से.फ १६ – ६ अवश्येयं सदा भाव्या सर्वमन्यन्मनोभ्रमः

(૫) કાશીમાં લૌકિક લીલા જોઈને સંદેહ ન કરીશ, હું મારા ભક્તોને ઘરે સદા બિરાજું છું.
चतुः. १० – ३ यदि श्रीगोकुलाधीशो, धृतः सर्वात्मना हृदि

( ) તે અચ્યુતદાસ સદા સંયોગરસમાં મગ્ન રહેતા.
नि.ल १५ – २ गोकुले गोपिकानां तु, सर्वेषां व्रजवासिनाम्

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
વ્રજવિલાસિની	**કાયસ્થ**	**અંબાલય**	**હસ્તાક્ષર, મંત્ર**

પ્રસંગ	તત્વબોધ
૧) જુગારના વ્યસની. ૨) છોકરાં ભણાવતાં એકને માર્યો અને મૂર્છાવશ થઈ ગયો.) દીવાનગીરીનું કામ કરતા, ગોકુલ કબ ચલોંગે કહેવા સેવક રાખ્યો હતો. નેત્રમાં જલ ભરી લીલામાં મગ્ન થઈ જતાં.	૧) કામકાજની વ ચે પણ સતત આચાર્યજીનું સ્મરણ કરીને લીલામાં મગ્ન થઈ જતા.

૫૭. નારા ણદાસ કા ર

(૧) હું શ્રીઆચાર્યજીની કૃપાથી તારીબધી વાત જાણું છું.
યમુ. १ – ५ सकलसिद्धिदा सेवताम्

(૨) હવે હું આપના શરણે આવ્યો છું, મારા ઉપરનું કલંક છોડાવો.
वि.धै ८ – १० ऐहिके पारलोके च, सर्वथा शरणं हरिः

સ્વરુપ	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
ગોકુલનો વાંદરો	**ભાટ**	**મથુરા**	

પ્રસંગ	તત્વબોધ
૧) કવિત નહોતી આવડતી જેથી દુ:ખી હતાં. ૨) યમુનાકિનારે દ્રવ્યના ઢગલા બતાવ્યા, તે લેવા જતાં દંડ મળ્યો.	૧) નિ:સાધન ઉપર પ્રભુ જલદી કૃપા કરે છે. ૨) દ્રવ્યમદથી અનેક પ્રકારનાં પાપ થાય છે.) અસમર્પિત ખાવાથી વાંદરાનો જન્મ મળ્યો.

૫ . નારા ણદાસ ભાટ

(૧) શ્રીઆચાર્યજી કહે ભલુ થયું કે કવિત દોહા નથી આવડતાં ..... સારું થયું કે ન ભ યો, વળી ભગવાન ઓછા પાત્રને દ્રવ્ય નથી આપતા તે પણ કૃપા કરે છે.
बा.बो २ – १४ लोकेऽपि यत् प्रभुर्भुक्ते, तन्न यच्छति कर्हिचित्

(૨) ત્યાં જુએ તો સોના રૂપાના ઢગલા પડયા છે, તે લોભ કરીને લેવા લાગ્યા..... કે તેને શ્રીઆચાર્યજીએ દ્રવ્ય લેવાનું કહ્યું છે ?
अं.प्र ७ – ४ आज्ञैव कार्या सततं, स्वामिद्रोहोऽन्यथा भवेत्

( ) **આખરે પશુ તો પશુ ખરો, વિશ્વાસ નહીં.**

નારા ણદાસ કા ર

વાર્તા – ૫૭

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) ભૈયા, ગોકુલ કબ ચલોંગે	૧) જુગારીને પણ ઉગાર્યો. ૨) બાલબોધ ગ્રંથ ભણાવ્યો.

( ) ભૈયાજી, શ્રીગોકુળ શ્રીઆચાર્યજીના દર્શને કયારે ચાલશો ? ..... નેત્રોમાં જળ ભરી લીલારસમાં મગ્ન થઈ જતા.
चतुः. १० – ३ यदि श्रीगोकुलाधीशो, धृतः सर्वात्मना हृदि
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्

નારા ણદાસ ભાટ

વાર્તા – ૫૮

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) **આખર પશુ તો ખરો, વિશ્વાસ નહિ.** ૨) અમે ભાટ છતાં આવા મૂર્ખ કેમ !) દ્રવ્ય જોવું હોય તો ધ્રુવઘાટ પર જજે, પણ લઈશ નહિ.	૧) પ્રતાપબળ - દ્રવ્ય બતાવ્યું.

वि.धै ८ – १५ अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः

( ) અસમર્પિત ખાઈને તું સંસારમાં પડયો છે, દુ:ખ ભોગવે છે.
सि र ५ – ४ असमर्पितवस्तुनाम्, तस्माद्वर्जनमाचरेत्

(૫) મને આ સંસારદુ:ખથી છોડાવો, હવે મને દ્રવ્યની ચાહના નથી.
कृष्णा. ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

( ) **તો ઘરમાં રહેજે, તને ઘરમાં જ બધું મળી રહેશે, વિશ્વાસ દઢ રાખજે.**
वि.धै ८ – १५ ब्रह्मास्त्र–चातकौ भाव्यौ, प्राप्तं सेवेत निर्ममः
भक्ति. ११ – २ अव्यावृत्तो भजेत् कृष्णम्

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
કેતકી	**લુહાણા**	**ઠઠ્ઠા**	**ચરણછાપ–મદનમોહનજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) શરીરના ગુમડાં આપશ્રીની કૃપાથી મટી ગયાં. ૨) બાદશાહે કેદ કર્યા. નામધારી વૈષ્ણવોની બેટીના લગ્ન માટે પાંચ હજાર રૂપિયા આપી દઈ કોરડા ખાવા તૈયાર થયા.	૧) વૈષ્ણવોની સેવા અને દર્શન દુર્લભ છે તથા ફળદાયી છે. ૨) આચાર્યજી પોતાના સેવકની જ ભેટ સ્વીકારે છે.

૫ . નારા ણદાસ લોહાણા

(૧) ત્યારે બન્ને ચરણ તેના માથા ઉપર અને છાતી ઉપર ધરીપડદો નાંખી દીધો.
સે.ફ १६ – १ अलौकिकस्य दाने हि, चाद्यः सिद्धयेन्मनोरथः

(૨) મનમાં વિચાર્યું કે આજે પાંચસો કોરડા ખાઈ લઈશ, એમનું તો કામ થાય !
वि.धै ८ – ६ त्रिदु:खसहनम् धैर्यमामृतेः सर्वतः सदा

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
સુનંદા	**ક્ષત્રિય**	**સિંહનદ**	**નવનીતપ્રિયજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) સાસુ-વહુના સંગે વૈષ્ણવ થઈ. ૨) સૂતર કાંતીને નિર્વાહ કરતી.) ઠાકોરજી હઠ કરીને શાક-મેવા મંગાવતા.) સંકોચમાં બહુ તાપ કરતી કે લાલા માટે મેવા-મીઠાઈ નથી.	૧) ઠાકોરજીની સેવા કરવાથી ભાગ્ય ઉઘડે છે. ૨) જીવનો બાળભાવ દૃઢ થાય તો પ્રભુનો માતૃભાવ પણ પ્રકાશે.) ઠાકોરજીને થોડું હોય તો પણ નાના પ્રકારની સામગ્રી પ્રેમથી બનાવીને ધરવી અને સંકોચ હોય તો બહુ તાપ રહેવો જોઈએ.) ઉધાર લાવીને સામગ્રી ન કરવી. ૫) સંકોચમાં જ નિરોધ સિદ્ધ થાય છે.) પ્રેમમાં મર્યાદાનું અનુસંધાન ન રહે પણ જ્ઞાનમાં મર્યાદા જરૂર રાખવી, નહિ તો દંભ થશે.

૬૦. ત્રાણી સિંહનંદની

(૧) પછી સાસુ વહુના શ્રીઠાકોરજીએ કહ્યું કે આ ક્ષત્રાણી વેલ બૂટ્ટી સારીકાઢી જાણે છે, તો તેની પાસે મારા વાગામાં બૂટ્ટી કઢાવી મને પહેરાવ .... થોડાક દિવસમાં શ્રીઆચાર્યજી પધારશે ત્યારે તે ક્ષત્રાણી સેવક પણ થશે.
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः

હાલ
પોરબંદર

નારા ણદાસ લોહાણા

વાર્તા – ૫૯

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) અમે શું વૈદ્ય છીએ ! ૨) મારું મોટું ભાગ્ય કે બંદીખાનામાં વૈષ્ણવે દર્શન દીધાં. આજ મારી કેદ પૂરી થઈ જશે.) વૈષ્ણવ ઉપર આવી પ્રીતિ જોઈએ.	૧) નારાયણદાસના માથે, છાતીએ ચરણ ધર્યા. ૨) વૈષ્ણવપ્રેમ - કોરડા ખાવા તૈયાર થયા.) ધર્મ ગુપ્ત રાખે.

( ) **તું ગુરુના ધર્મમાં આવો સાચો છે !**
अं.प्र ७ – ४ आज्ञैव कार्या सततं, स्वामिद्रोहोऽन्यथा भवेत्

( ) વૈષ્ણવ પર આવી પ્રીતિ જોઈએ.
पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्

હાલ
મુંબઈ

ત્રાણી સિંહનંદની

વાર્તા – ૬૦

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) તારી કાઢેલી બુટ્ટી મને બહુ પસંદ છે. ૨) આના ઉપર ઠાકોરજીએ પહેલાં જ કૃપા કરી છે.) અરી મા, શાકવાળી આવી છે, તું લે.) તું જલદી આવ, મારી મા લેશે. ૫) કયારે લાવીશ ?) શું કરું લાલા, મારે કોઈ કમાવાવાળો નથી.	૧) બ્ર સંબંધ પહેલાં જ ઠાકોરજીએ સ્વપ્નમાં વાત કરી. ૨) બાળભાવ બહુ જ દૃઢ હતો.

(૨) પછી આપ કહે, મન લગાડીને સેવા કરજે.
सि.मु ३ – २ चेतस्तत्प्रवणं सेवा, तत्सिद्धयै तनुवित्तजा

( ) અરીમા, શાકવાળી આવી છે, તું લે.
पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

( ) શું કરું, લાલા ! મારે કોઈ કમાવાવાળો નથી અને મારીપાસે પૈસા નથી.

भक्ति. ११ – २ अव्यावृत्तो भजेत् कृष्णम्

(૫) આ બાઈને શ્રીઠાકોરજીએ એ માટે દ્રવ્ય ન આપ્યું કે જો દ્રવ્ય હોય તો આ બાઈના મનનો નિરોધ ન થાય.

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
વનદેવી	**કાયસ્થ**	**શેરગઢ**	**શ્રીકપૂરરાયજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) રસ્તામાં દ્રવ્ય ચોરાઈ ગયું તે મહાપ્રભુજીએ પ્રાપ્ત કરાવી આપ્યું. ૨) સુવાવડમાં સેવા કરાવી. (અપવાદ)	૧) તાપ અને પ્રીતિ આગળ પ્રભુ મર્યાદા પણ ભૂલી જાય છે. ૨) **પ્રભુ કે ગુરુઆજ્ઞા વગર મનકલ્પિત** રીતે મર્યાદા ભંગ થાય નહિ.

૬૧. વીરબાઈ

(૧) શ્રીઆચાર્યજીને દયા આવી, આપ કહે રોઈશ નહીં, શ્રીઠાકોરજી બધું સારું કરશે.
कृष्णा. ९ – १० सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्

(૨) તેથી મારા માથે ચરણ ધરીઆપ કહો જે શેરગઢ પધારીશું.
वि.धै ८ – १० ऐहिके पारलोके च, सर्वथा शरणं हरिः

( ) તારું કુટુંબ સાધારણ જીવ છે તેથી તેમને નામ સંભળાવીશું, તારા સંગથી બધાનો ઉદ્ધાર થશે.
बा.बो २ – १८ अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः

( ) અને પુષ્ટિમાર્ગની સેવાની રીતિ બધી શીખી.

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
હંસા–રંગા	**ક્ષત્રિય**	**સિંહનદ**	**શ્રીબાલકૃષ્ણજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) બન્ને ખૂબ જ આકરા તપ કરતા હતા. ઠંડીમાં પણ નદીમાં ઊભેલા જોઈને આચાર્યજીએ કૃપા કરી. ૨) મહાપ્રભુજીની આજ્ઞાથી વૈષ્ણવો તેમને ઉદ્યમમાં તથા વસ્તુમાં મદદ કરતાં.) વૈષ્ણવોની મદદ ન લેવી પડે માટે બીજે રહેવા ગયા.) વરસાદમાં ઓરડીની બહાર આંગણામાં ભીંજાતાં સૂઈ જતાં.	૧) ઠાકોરજીની સેવા સ્મરણમાં મન લગાડે તો આ જન્મમાં પ્રભુનાં દર્શન થાય. ૨) **વૈષ્ણવોની ટહેલ-મદદ કરવી તો ગુરુ** પ્રસન્ન રહે.) વૈષ્ણવોની મદદથી સેવા કરે તો તેમાં પોતાનો વિનિયોગ ન રહે.) પ્રીતિથી સેવા કરવી અને અપરાધથી ડરતા રહેવું.

बा.बो २ – १४ लोकेऽपि यत् प्रभुर्भुंक्ते, तन्न यच्छति कर्हिचित्

( ) બાઈનો આ જ પ્રકારે પ્રભુએ નિરોધ ધર્યો.
नि.ल १५ – १ तस्मात् सर्वम् परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः

વીરબાઈ **વાર્તા – ૬૧**

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) હું બીજાથી સેવા નહિ કરાવું. મારી આજ્ઞા છે, તને અપરાધ નહિ લાગે.	૧) વીરબાઈના માથે ચરણ ધર્યા. ૨) સેવાનો આગ્રહ - સુવાવડમાં સેવા કરી.) તાપ, કૃપાળુતા, મર્યાદાલોપન.

न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा
न.र ६ – ७ अतः सेवापरं चित्तं, विधाय स्थीयतां सुखम्

(૫) ત્યારે શ્રીઠાકોરજી કહે, છાણ લાવી સ્નાન કરીક છ બાંધીને મને તું જ જગાડ.
पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

( ) પણ આજ્ઞા માનીને પિડરુમાં સેવા કરીઅને પછી માર્ગની મેંડ પ્રમાણે અપરસ પણ કાઢી.
न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा

( ) તે વીરબાઈ સદા શ્રીઠાકોરજીનાં લીલારસમાં મગ્ન રહેતી.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्

હાલ
શ્રી ગોકુળ (વ્રજેશ્વર)

સ્ત્રીપુરુષ સિંહનંદના **વાર્તા – ૬૨**

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) ફળ તો બહુ મોટું ઈ છીએ છીએ અને સાધન તુ છ કરીએ છીએ તો ફળ કેમ મળશે ! ૨) વૈષ્ણવથી પુજાઈને ધન લઈ આપણે નિર્વાહ કર્યો જેથી આપણને ધિક્કાર છે.) અમારી મળમૂત્રની દેહે અમે આપની પાસે કેમ સૂઈએ !	૧) આચાર્યજીએ સામેથી બોલાવીને શરણે લીધાં. ૨) પ્રભુસુખ માટે આંગણામાં ભીંજાતા સૂઈ રહ્યાં.

૬૨. સ્ત્રીપુરુષ સિંહનંદના

(૧) મનુષ્ય દેહ દીધો છે તો વ્રતાદિ કરીદેહ, ઈન્દ્રિયનું દમન કરીએ..... કયારેક જળ આદિ લે.

बा.बो २ – ९ यमादयस्तु कर्तव्याः

(૨) **બન્નેને જળમાં ઊભા જોઈને આપે થાનેશ્વરના વૈષ્ણવોને પૂછ્યું કે આ સ્ત્રીપુરુષ** કોણ છે .... અતિ દુર્લભ છે.

सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः

( ) શ્રીઠાકોરજીની સેવા સ્મરણમાં શરીર અને મન લગાડો તો આ જ જન્મમાં પ્રભુ કૃપા કરે.

चतुः. १० – ४ स्मरणं भजनं चापि, न त्याज्यमिति मे मतिः

( ) સેવા અર્થે શરીરને કષ્ટ થાય ત્યારે ધીરજ ધરીદુઃખ સહો તો તમારું દુઃખ શ્રીઠાકોરજીથી સહ્યું ન જાય.

वि.धै ८ – ६ त्रिदुःखसहनम् धैर्यमामृतेः सर्वतः सदा
नि.ल १५ – ७ क्लिश्यमानान् जनान् दृष्ट्वा, कृपायुक्तो यदा भवेत्
तदा सर्वम् सदानंदं, हृदिस्थं निर्गतं बहिः

(૫) **આ બન્ને સ્ત્રીપુરુષ અમારા છે, માટે આ બન્ને કોઈ પ્રકારથી દુઃખ ન પામે તેમ કરજો,** ત્યારે વૈષ્ણવો કહે, મહારાજ, અમે પ્રાણની માફક અમને જે જોઈશે તે સિદ્ધ કરીદઈશું.

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
શ્રીદામા	**સુથાર**	**અડેલ**	

પ્રસંગ	તત્ત્વબોધ
૧) મહાપ્રભુજીના સ્વરૂપમાં અનન્ય પ્રીતિ તેથી કામ પણ નહિ કરતો. ૨) આપશ્રીના માતાજીએ સુથાર કામ નથી કરતો તેમ ફરિયાદ કરી.) અષ્ટપ્રહર આચાર્યજીનાં દર્શન થતાં.	૧) વિરહ વિના રસ હૃદયારૂઢ થાય નહિ. ૨) ઠાકોરજીનું પ્રાગટ્ય - ગોપીજનોને પોતામાં પ્રેમ વધારવા. ગોચર લીલા - વિરહ કરાવ્યો. મથુરાગમન - આશા સાથેનો વિરહ. દ્વારકાગમન - પૂર્ણવિરહ સ્વરૂપાનંદ) તેવું જ સુથારનું થયું.

૬૩. ામદાસ સુ ાર

(૧) હું તો આપની પાસે બેસી દર્શન કરીશ, આપના વિના ક્ષણ મારાથી રહી શકાતું નથી.

निं.ल १५ – १ यच्च दुःखं यशोदाया, नंदादीनां च गोकुले

(૨) પછી સુથારની પ્રીતિ જાણીને આપ તેની પાસે પધાર્યા.

पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा

( ) તમારા ઉપર પ્રભુ જલદી કૃપા કરશે.

से.क १६ – ७ पुष्टौ नैव विलंबयेत्

( ) વૈષ્ણવથી પુજાઈને ધન લઈ આપણે નિર્વાહ કર્યો તેથી આપણને ધિક્કાર છે.

पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्

( ) અમારા મળમૂત્રનો દેહ, અમે આપની પાસે કેમ સૂઈએ ? મર્યાદા ન રહે.

वि.धै ८ – ६ त्रिदुःखसहनम् धैर्यमामृतेः सर्वतः सदा

( ) બહાર સૂઈએ તો ભીંજાઈએ, શ્રીઠાકોરજી દુઃખ પામે, તેથી એક નાનું સરખું છાપરું દ્વારે બનાવવું.

वि.धै ८ – ४ आपद्गत्यादिकार्येषु, हठस्याज्यश्च सर्वथा

(૧) આપની આજ્ઞા થઈ તેથી ભીંજાતા નથી.

अं.प्र ७ – ४ आज्ञैव कार्या सततं, स्वामिद्रोहोऽन्यथा भवेत्

(૧૧) દાસનો એ ધર્મ છે કે સ્વામીનો ભય રાખે, પ્રીતિથી સેવા કરે અને પોતાનો ધર્મ ગોપ્ય રાખે તો શ્રીઠાકોરજી પ્રસન્ન થાય.

अं.प्र ७ – ५ सेवकस्य तु धर्मोऽयं, स्वामी स्वस्य करिष्यति
अं.प्र ७ – ८ सर्वम् समर्पितं भक्त्या, कृतार्थोऽसि सुखी भव

ામદાસ સુ ાર

વાર્તા – ૬૩

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) અમારી માતા ખીજે છે તેથી તમે ઘરે જાવ, અમે ત્યાં આવી દર્શન આપશું.	૧) આચાર્યજીના સ્વરૂપમાં આસકત. ૨) અષ્ટપ્રહર આચાર્યજીનાં દર્શન થતાં.) આચાર્યજી સામે જઈને દર્શન આપતા.

( ) તો પણ એની પ્રીતિ એવી કે શ્રીઆચાર્યજી એકવાર તે સુથારને દર્શન દઈ આવતા. એવી કૃપા કરતાં.

नि.ल १५ – ८ सर्वानंदमयस्याऽपि कृपानंदः सुदुर्लभः

( ) પરંતુ વિરહ વિના રસ હૃદયારૂઢ થાય નહીં તેથી એને ઘરે મોકલી વિરહ કરાવ્યો, પરંતુ દુઃખ સહ્યું ન જાય તેથી આપ પધારતાં અને ત્યાં બેસતાં..... કે હૃદયમાં શ્રીઆચાર્યજીના

દર્શન અષ્ટપ્રહર થાય.
नि.ल १५ – ७ क्लिश्यमानान् जनान् दृष्ट्वा, कृपायुक्तो यदा भवेत्
तदा सर्वम् सदानंदं, हृदिस्थं निर्गतं बहिः
(૫) તેમાં બધો દિવસ વેણુગીત, યુગલગીત ગાઈને નિર્વાહ કરે.

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
મોહિની	**ક્ષત્રી**	**પટના પાસે**	**બાલકૃષ્ણજી**

પ્રસંગ	તત્વબોધ
૧) પિતા જગન્નાથજીના રથ નીચે મર્યો. ૨) અન્યમાર્ગી મિત્રને વૈષ્ણવ કરવો હતો તેથી પ્રભુ આજ્ઞાની તેને ત્યાં રસોઈ કરી પ્રસાદ લીધો.) પુરુષોત્તમ આરોગ્યા તેથી વિભૂતિ ન આરોગી.	૧) પ્રભુની આજ્ઞા ન હોવા છતાં શક્ય તેટલો મેડનો આગ્રહ રાખવો. ૨) ભગવદીયનો સંગ કૃતાર્થ કરે.

૬૪. ત્રી પૂવનો

(૧) પરંતુ તું દૈવી જીવ છો. તારા સંબંધથી એની મુક્તિ થશે.
पु.प्र.म ४ – ९ वचसा वेदमार्गम् हि, पुष्टिं कायेन निश्चयः
(૨) ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા ઘરમાં સેવા મન લગાડીને કરજે.
भक्ति. ११ – २ गृहे स्थित्वा स्वधर्मतः
( ) શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના શરણથી એ જ્ઞાન થયું કે અન્યમાર્ગીય બ્રા ણ દૈવી છે, તેથી કોઈ પ્રકારે વૈષ્ણવ થાય તો સારું.
सि.मु ३ – १३ उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने
( ) મારીઈ છા એને અંગીકાર કરવાની છે, તેથી એનું મન ફેરવી દઈશ.
न.र ६ – २ निजेच्छातः करिष्यति

સ્વરુપ	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
ઉમાશંકર	**ક્ષત્રિય**	**કાશી**	**મદનમોહનજી**

પ્રસંગ	તત્વબોધ
૧) પુરુષોત્તમદાસ શેઠનો યશ ગાવા માટે આવ્યા.	૧) **ગુરુ સમક્ષ આપણો યશ ક્યારેય પ્રગટ ન થવો જોઈએ.** ૨) યશ ગાવા લાયક ઠાકોરજી જ છે.

नि.ल १५ – ६ गुणगाने सुखावाप्तिर्गोविंदस्य प्रजायते
( ) એ સુથારની બહારની દષ્ટિ હતી તે અંદરની દષ્ટિ થવાથી ઘરમાં મગ્ન રહ્યો.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्

ત્રી પૂવનો

વાર્તા – ૬૪

ઉદ્‌ગાર વાક્યો	વિશિષ્ટતા
૧) અન્ય માર્ગીયના ઠાકોરને ભોગ કેવી રીતે ધરું ? પ્રસાદ કેમ લઉં ?	૧) પ્રભુકૃપા સેવકનો તાપ જોઈ અન્યમાર્ગી મિત્રને આચાર્યજીનો સેવક કરાવડાવ્યો. ૨) વૈષ્ણવકૃપા - વૈષ્ણવ કૃપા કરવા ધારે તો પ્રભુ જરૂર મદદ કરે.

(૫) જો કે શ્રીઠાકોરજીની આજ્ઞા હતી તેથી સખડી કરત તો પણ બાધક ન હતું, પરંતુ એટલી સ્વભાર્ગની મર્યાદા રાખી.
न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा
( ) વૈષ્ણવ જેનો અંગીકાર કરવાનું વિચારે તેને શ્રીઠાકોરજી નિ ય કૃપા કરે.
पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्
( ) વળી સત્સંગ મોટો પદાર્થ છે, જે પૂર્ણ કૃપાથી મળે.
न.र ६ – २ निवेदनं तु स्मर्तव्यं, सर्वथा तादृशैर्जनैः
( ) ત્યારે તે અન્યમાર્ગીએ ..... દંડવત્ પ્રણામ કરીવિનંતી કરી, મહારાજ, મને શરણે લો.
कृष्णा. ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

હાલ
કામવન

લઘુ પુરુષોત્તમદાસ

વાર્તા – ૬૫

ઉદ્‌ગાર વાક્યો	વિશિષ્ટતા
	૧) કવિત કરતા. ૨) ભગવદીયની કૃપાથી વૈષ્ણવ થયા.) આચાર્યજીએ સામેથી કૃપા કરી.

૬૫. લઘુ પુરુષોત્તમદાસ

(૧) **ત્યારે શેઠ પુરુષોત્તમદાસ ડર્યા કે આ ધનપતિઓનાં કવિત કરે છે, તેથી મારો યશ જો** ગાશે તો શ્રીઆચાર્યજી આગળ ઠીક નહીં.
अं.प्र ७ – ५ सेवकस्य तु धर्मोऽयं, स्वामी स्वस्य करिष्यति

(૨) ગાવા લાયક તો એક શ્રીઠાકોરજીનો યશ છે,
नि.ल १५ – ६ गुणगाने सुखावाप्तिर्गोविंदस्य प्रजायते

સ્વરુપ	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
શાંડિલ્યમુનિ	**સનોડિયા બ્રાહ્મણ**	**મથુરા**	

પ્રસંગ	તત્વબોધ
૧) અડેલ આવીને સેવક થવા કહ્યું, તે જાણવા કે પ્રીતિ હશે તો આવશે. ૨) રાજસી લોકોની કવિત કરતા.) શ્રીજી સન્મુખ કવિત કરતા.	૧) પ્રીતિ વિના અંગીકાર નહિ. ૨) અહંકાર બહુ બાધક છે.

૬૬. કવિરા ભાટ

(૧) મહારાજ, દેવી મોટી કે મહાદેવ મોટા ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, શાસ્ત્ર રીતિથી શ્રીઠાકોરજી મોટા.
सि मु ३ – १० ब्रह्मणीत्थं हरिर्मतः

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
નૃત્યકલા	**ક્ષત્રિય**	**પંજાબ**	

પ્રસંગ	તત્વબોધ
૧) પ્રવાસમાં સાથે ગયા ત્યાં તીર વાગ્યું ત્યારે શ્રી આચાર્યજીએ તેમનો ભૂતકાળ કહી બતાવ્યો.	૧) સેવક થવા માટે આતુરતા જોઈએ. ૨) દીનતાથી જ કૃપા થાય છે.

૬૭. ગોપાળદાસ ત્રિ

(૧) મને કૃપા કરીશરણે લો, અને મારું સંસારદુ:ખ છૂટે એવો અનુગ્રહ કરો.
कृष्णा. ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

(૨) એટલે ગોપાળદાસના હૃદયમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનો ભાવ હૃદયારૂઢ થયો અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું.
सि.मु ३ – १३ उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने

( ) મને શ્રીઠાકોરજીના યશનું જ્ઞાન નથી તેથી રાજસી લોકોનો યશ ગાયો.
बा.बो २ – १६ जीवाः स्वभावतो दुष्टाः

( ) શ્રીઆચાર્યજીએ તેમને નામ સંભળાવી સમર્પણ કરાવ્યું અને પોતાનું ચરણામૃત આપ્યું **ત્યારે લઘુપુરુષોત્તમદાસને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું.**
सि.मु ३ – १३ उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने

(૫) સદા ભગવલ્લીલારસમાં મગ્ન રહેતા.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्

કવિરા ભાટ વાર્તા – ૬૬

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) દેવી મોટી કે મહાદેવ મોટા ?	૧) કવિ હતા. ૨) લીલારસમાં મગ્ન રહેતા.

(૨) આ પ્રકારનાં વચન શ્રીઆચાર્યજીના સાંભળીને કવિરાજની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ ત્યારે કવિરાજે દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરી, મહારાજ, મને શરણે લો.
सि.मु ३ – १३ उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने

( ) લીલારસમાં મગ્ન થયા.
नि.ल १५ – ९ तस्मात् सर्वम् परित्यज्य, निरुद्धैः सर्वदा गुणाः

ગોપાળદાસ ત્રિ વાર્તા – ૬૭

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) મેં તો ઠાકુરજીનું નામ લીધું નથી તો ઠાકોરજી મને શું જાણે ? આ તો આપની કૃપા છે. ૨) માધવ માસે ભરી વૈશાખે. શ્રીવલ્લભહરિ જનમ લીયો.	૧) સિદ્ધાંતરહસ્ય ગ્રંથ ભણાવ્યો. ૨) ચોખરા, છંદ વગેરે કરતાં.

सि.मु ३ – १५ तस्मात् श्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः

( ) આ પ્રકારે વૈષ્ણવોને દીનતા જોઈએ.
पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्

( ) તેઓ ચોખરા ગાન કરીતેમાં મગ્ન રહેતા.
नि.ल १५ – ६ गुणगाने सुखावाप्तिर्गोविंदस्य प्रजायते

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
કૃષ્ણાવતી	**ક્ષત્રિય**	**થાનેશ્વર**	**શ્રીનાથજીની પાઘ**

પ્રસંગ	તત્વબોધ
૧) પિતા રણમાંથી ભાગીને ચાલી ગયો. ૨) મહોરો દુ:ખ દેનારી હતી તોપણ આચાર્યજીને ધરી જે આપે ન સ્વીકારી.	૧) ભગવદીયના સંગે કૃપા થાય. ૨) વૈષ્ણવની તન, મન, ધનથી સેવા કરવી.

૬ . નાદન ોપ ા ત્રી

(૧) બંદીખાનામાં તેમને મૂકતાં જ હાકિમના ઘરમાં આગ લાગી, તેથી હાકિમના પુત્ર, વહુ, બધું કુટુંબ બળી ગયું.
पु.प्र.म ४ – ११ “तानहंद्विषतो” वाक्याद्–भिन्ना जीवाः प्रवाहिणः

(૨) સંસારમાં બહુ દુ:ખ ભોગવ્યું, હવે શ્રીઆચાર્યજીનો સેવક થાય તો તું કૃતાર્થ થઈશ.
अं.प्र ७–५/७–८ सर्वम् समर्पितं भक्त्या, कृतार्थोऽसि सुखी भव

( ) વાસુદેવદાસે કહ્યું કે શ્રીઆચાર્યજીની કૃપાથી કાળની વાત પણ જાણું છું.
से.फ १६ – २ न कालोऽत्र नियामकः

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
બંદી	**સનોડિયા બ્રાહ્મણ**	**વૃંદાવન**	

પ્રસંગ	તત્વબોધ
૧) વિરહમાં રહેતા.	૧) વિરહથી પ્રભુ જરૂર કૃપા કરે. ૨) દીનતાથી શ્રીવલ્લભ કૃપા કરે છે.

૬ . ગડુ સ્વામી

(૧) પછી એક દિવસ રાત્રિના ગડુ સ્વામીને વિરહ ઘણો થયો, જે જન્મ વીત્યો, આ મનુષ્ય દેહ વૃથા ગયો...... ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે સવારે શ્રીવલ્લભાચાર્યજી તારીપાસે કેશીઘાટ ઉપર સ્નાન કરવાને પધારશે તેમને શરણે તું જજે.
नि.ल १५ – ७ क्लिश्यमानान् जनान् दृष्ट्वा, कृपायुक्तो यदा भवेत्
तदा सर्वम् सदानंदं, हृदिस्थं निर्गतं बहिः

નાદન ોપ ા ત્રી — વાર્તા – ૬૮

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) શ્રીઆચાર્યજી મહાપ્રભુની કૃપાથી કાળની વાત પણ જાણું છું. ૨) તું બહુ મૂર્ખ છો. માર્ગમાં પડેલી મહોર અમોને ભેટ કરી ?	૧) વાસુદેવદાસ છકડાના સંગે વૈષ્ણવ થયા. ૨) કૃપાબળ - વાસુદેવદાસે જનાર્દનદાસના પિતા કયાં ગયા છે તે કહી શકયા.

( ) પછી આપે કહ્યું, હવે તું ભગવત્ સેવા કર.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

(૫) આપ જે પ્રકારે બતાવો તે પ્રકારે કરવું.
न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा

( ) તું ઘરે જઈ ભગવત્ સેવા મન લગાડીને કરજે
भक्ति. ११ – २ गृहे स्थित्वा स्वधर्मतः

( ) તેથી સત્સંગ ભગવદીયનો કરવો.
न.र ६ – २ निवेदनं तु स्मर्तव्यं, सर्वथा तादृशैर्जनैः

ગડુ સ્વામી — વાર્તા – ૬૯

ઉદ્‌ગાર વાકયો	વિશિષ્ટતા
૧) શ્રીવલ્લભાચાર્યજી તારી પાસે કેશીઘાટ પર સ્નાન કરવા પધારશે તેમને શરણે તું જજે.	૧) ઠાકોરજીએ વલ્લભ બતાવ્યા. ૨) ત્રિવિધ નામાવલિનો પાઠ કરાવ્યો.) માનસીમાં મગ્ન રહેતા.

(૨) એટલે ગડુ સ્વામીને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्

( ) એ માનસી સેવામાં મગ્ન થઈ ગયા.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
કમોદિની	**ક્ષત્રિય**	**આગ્રા**	

પ્રસંગ	તત્ત્વબોધ
૧) મામા સાથે વ્રજમાં આવ્યા અને ગોવર્ધન ઉપર આસક્ત થઈ ગયા. ૨) આચાર્યજીએ સર્વગ્રંથો ભણાવ્યા અને સર્વભાવ હૃદયમાં સ્થાપન કર્યો.) પ્રભુએ કૃપા કરી દ્વારકાનો લાંબો માર્ગ પળમાં કપાવી આપ્યો.) એમને રણછોડજીમાં પણ ગોવર્ધનધરનાં જ દર્શન થતાં.	૧) ઉ છલિત રસ વહી જાય. ૨) એક જ સ્વરૂપમાં આસક્તિ જોઈએ.) વ્રજલીલા સિવાય બીજે મન જવું નહિ જોઈએ.) **પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ જોઈએ.**

૭૦. ગ ુ સ્વામી

(૧) ત્યાં શ્રીગિરિરાજજીને જોઈને કન્હૈયાશાલ બાવરા થઈ ગયા.

भ.व ११ – ४ स्नेहाद् रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः

(૨) મહારાજ, હું તો ઘણો સુખી હતો, વ્રજની ગોવર્ધનની લીલામાં મગ્ન હતો ત્યાંથી મને બહાર આપે કેમ કાઢયો ?

नि.ल १५ – २ गोकुले गोपिकानां तु, सर्वेषां व्रजवासिनाम्

( ) નામ નિવેદન કરાવ્યું, સાક્ષાત્ શ્રીઠાકોરજીની લીલારસનો અનુભવ કરાવી દીધો.

से.फ १६ – १ अलौकिकस्य दाने हि, चाद्यः सिद्धयेन्मनोरथः

( ) હવે તમે ઘરમાં જઈ રસનો અનુભવ કરો. હવે તમને સંસાર, લૌકિક વૈદિક બાધા નહીં કરે.

से.क १६ – ७ पुष्टौ नैव विलंबयेत्

(૫) બધા ગ્રંથના ભાવ, લીલાનો ભાવ, પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત, કન્હૈયાશાલના હૃદયમાં સ્થાપન કર્યો.

नि.ल १५ – ८ सर्वानंदमयस्याऽपि कृपानंदः सुदुर्लभः

( ) આ પ્રકારે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીની અત્યંત કૃપાથી કન્હૈયાશાલ સંયોગરસ

ગ ુ સ્વામી

વાર્તા – ૭૦

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) મહારાજ, કૃપા કરીને સ્થિર પ્રેમનું દાન કરો. ૨) જળ મહાપ્રસાદ હું તો ઘરના લઉં અથવા તો શ્રી ગુસાંઈજીનો લઉં.) ગોવાળિયા સ્વરૂપે આપના વિના મને વનમાં સખડી-અનસખડી કોણ આપી જાય.) આપની કૃપાથી ગોવર્ધનધર નેત્રોમાં લાગી રહ્યા છે.	૧) પહેલીવારમાં જ લીલારસનું દાન કર્યું. ૨) ગુસાંઈજી માર્ગના ગ્રંથો વિશે કન્હૈયાશાલ પાસે જાણવા આવતાં.) કન્હૈયાશાલને ગુંસાઈજી દંડવત્ પ્રણામ કરવા ન દેતા.) સંયોગ - વિપ્રયોગ રસમાં મગ્ન રહેતા. ૫) ગોવર્ધનધરના સ્વરૂપમાં આસક્તિ.

અને વિપ્રયોગરસ એ બન્ને લીલાના રસમાં મગ્ન રહેતાં.

सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः

( ) ત્યારથી કન્હૈયાશાલને શરીરની શુદ્ધિ હોય ત્યારે ખાનપાન કરે, નહીં તો એમ જ બેસી રહે.

यमु. ११ – ५ यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि

( ) તમને કૃપાનું બળ છે, જે ચાહો તે કરો.

यमु. १ – १ सकलसिद्धिहेतुं मुदा

( ) કન્હૈયાશાલે કહ્યું, હું શ્રીઆચાર્યજીનો સેવક છું. સાપ, વાઘ મારીપાસે કોઈ આવે નહીં.

चतुः. १० – २ प्रभु सर्वसमर्थो हि

(૧) તું શ્રીરણછોડજીને હત્યા દેવાને નીકળ્યો છે ? જે આટલી હઠ કરે છે.

वि.धै ८ – ४ आपद्गत्यादिकार्येषु, हठस्याज्यश्च सर्वथा

(૧૧) ત્રણેય ગોવાળિયાના સ્વરૂપે આપના વિના મને વનમાં સખડી, અનસખડી કોણ આપી જાય ?

वि.धै ८ – १५ ब्रह्मास्त्र–चातकौ भाव्यौ, प्राप्तं सेवेत निर्ममः

(૧૨) પ્રેમની રીત અટપટી છે.

पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
સુગંધરા	**ગોડિયા બ્રાહ્મણ**	**બંગાળ**	**મદનમોહનજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) વારે વારે જગન્નાથ જતાં તેથી પિતાએ ટોક્યા - તને કંઈ આપે છે ? ૨) મહાપ્રભુજીની કૃપાથી ખૂબ દ્રવ્ય મળ્યું જેનાથી જગન્નાથજીની સેવા કરી.	૧) **પ્રભુ પૂરું કરશે જ એવો અટલ વિશ્વાસ** જોઈએ. ૨) ભગવાનની નિંદા સહન ન કરવી.) પોતાનો યશ પ્રગટ ન કરવો.) સેવા ન બને ત્યારે માનસી સેવાથી નિર્વાહ કરવો. ૫) સેવકનું શુદ્ધ દ્રવ્ય હોય તો જ પ્રભુ અંગીકાર કરે.) ઠાકોરજીને શ્રમ ન કરાવવો.

૭૧. નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ

(૧) તેમણે પિતાને કહ્યું, તું ભગવાનનો નિંદક છો તેથી આજ પછી તારું કંઈ લઈશ નહીં.
પુ.પ્ર.મ ४ – ११ "तानहंद्विषतो" वाक्याद्–भिन्ना जीवाः प्रवाहिणः

(૨) તેથી તો જગન્નાથજી દેશે તે ખાઈશ, નહીં તો થવા કાળ હશે તે થશે.
न.र ६ – २ निजेच्छातः करिष्यति

( ) પછી શ્રીજગન્નાથજીએ કહ્યું, તું પ્રાત:કાળ શ્રીઆચાર્યજીની પાસે જઈ સેવક થજે, તારો બધો મનોરથ પૂર્ણ થશે.
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः
से.क १६ – ७ पुष्टौ नैव विलंबयेत्

( ) ત્યારે જ શ્રીઆચાર્યજીએ કહ્યું, અમે કહ્યું છે કે શ્રીઠાકોરજીનો મનોરથ કર. રાજા શ્રીઆચાર્યજીના ભેદની વાત તો સમજ્યો નહીં.
पु.प्र.म ४ – २० वैदिकत्वं लौकिकत्वं, कापट्यात्तेषु नान्यथा

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
ગુલાબી	**ગૌડ બ્રાહ્મણ**	**ગુજરાત**	

પ્રસંગ	તત્ત્વબોધ
૧) તપ કરતા, સેવા કરતા, ઘાંચણના કારણે અપયશ થયો. ૨) શ્રીઆચાર્યજીએ વેણી કોઠારીને વ્રત વગર નિવેદન કરાવ્યું.) આચાર્યજીએ ભક્તિમાર્ગીય સંન્યાસનું જ્ઞાન આપ્યું.	૧) નિષ્કપટને ભક્તિ જલદી સિદ્ધ થાય. યોગી - જ્ઞાનીને મુશ્કેલી પડે. ૨) ભક્તિમાર્ગમાં દુ:સંગથી ભ્રષ્ટ થાય તો પણ ભક્તિબીજ જાય નહિ. જ્યારે સંન્યાસ ધર્મમાં સ્ખલન થાય તો નાશ પામે.

નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ વાર્તા – ૭૧

ઉદ્ગાર વાક્યો	વિશિષ્ટતા
૧) તારું નામ નરહરદાસ ખરું થયું. ૨) ભગવત્ સેવા સારી રીતે બને તે જ દેશ ઉત્તમ છે.	૧) **પ્રભુ ઉપર અટલ વિશ્વાસ અને ટેકીલા** ૨) પ્રભુએ આચાર્યજી બતાવ્યા.

(૫) શ્રીઠાકોરજીને શ્રમ કરાવી દ્રવ્ય લઈ પોતાનો યશ પ્રગટ કર્યો છે. હું મહાદુષ્ટ છું મારો જશ કેવો.
सि.मु ३ – १६ लोकार्थी चेद् भजेत्कृष्णम्, लोको नश्यति सर्वथा
बा.बो २ – १६ जीवाः स्वभावतो दुष्टाः

( ) હવે હું આપને શરણ છું, મારો પરલોક સુધરે, શ્રીઠાકોરજી કૃપા કરે એ પ્રકાર મને કહો.
कृष्णा. ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

( ) શ્રીમદનમોહનજીની સેવા મન લગાવીને કરવા લાગ્યા.
सि.मु ३ – २ चेतस्तत्प्रवणं सेवा, तत्सिद्धयै तनुवित्तजा

( ) પછી નરહરદાસે જન્મભર વ્રજમાં ભાવના કરી. માનસી સેવાથી નિર્વાહ કર્યો.
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

નરહર સંન્યાસી વાર્તા – ૭૨

ઉદ્ગાર વાક્યો	વિશિષ્ટતા
૧) સંન્યાસ ધર્મ મોટો કે વૈષ્ણવ ધર્મ ? ૨) તેં તપસ્યા પણ કરી, સંન્યાસનો ધર્મ પણ સાધ્યો પરંતુ કંઈ સિદ્ધ થયું ?	૧) સંન્યાસીમાંથી વૈષ્ણવ થયા. ૨) માનસીમાં મગ્ન રહેતા.) સંન્યાસનિર્ણય ગ્રંથ કરી ભણાવ્યો.

૭૨. નરહર સં ાસી

(૧) મનમાં કહે સ્ત્રીનો સંગ એવો જ છે, ખોટો છે, જો સંગ થાત તો પરલોક બગડત, પ્રભુએ મને દંડ આપ્યો.

पु.प्र.म ४ – १८ आसक्तौ भगवानेव, शापं दापयति क्वचित् ।
अहंकारेऽथवा लोके, तन्मार्गस्थापनाय हि ॥

(૨) સંન્યાસ લીધા પછી જયાં સુધી જીવે ત્યાં સુધી નારાયણ વિના કયાંય બીજે ચિત્ત જાય તો બધા જન્મનો સંન્યાસધર્મ નાશ થાય.

बा.बो २ – ७ अहंता ममतानाशे सर्वथा निरहंकृतौ, स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते

( ) મને ભક્તિમાર્ગમાં દુ:સંગથી ભ્રષ્ટ થાય તો પણ ભક્તિ બીજ જાય નહીં, કયારેક સત્સંગ મળે તો ફરી ભક્તિ વધે.

भक्ति. ११ – ४ बीजम् तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति

भक्ति. ११ – ८ अदूरे विप्रकर्षे वा, यथा चित्तम् न दुष्यति

( ) વળી કળિયુગમાં ભગવન્નામથી જ ચંડાલ પર્યંત પવિત્ર થાય અને ઉદ્ધાર થાય.

भक्ति. ११ – ८ कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ।।

(૫) હવે તો હું આપનો દાસ છું, જે આજ્ઞા કરો તે હું કરું.

कृष्णा. ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

( ) સદા માનસીમાં મગ્ન રહે.

सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

સ્વરુપ	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
ચંદ્રભાણ ગોપ	**બ્રાહ્મણ**	**અન્યોર**	

પ્રસંગ	તત્ત્વબોધ
૧) ઝારખંડથી યાત્રા અધૂરી મૂકી આચાર્યજી પધાર્યા. ૨) પ્રભુને આરોગાવેલ દૂધ લીધું.) ગાય દૂધ સ્રવી જતી હતી.) ગોવર્ધનધરની સેવા શરૂ કરાવી. ૫) ઠાકોરજીએ ગાય માંગી તો આચાર્યજીએ વેદકર્મની પવિત્રી વેચીને ગાય આણી.) નરો પાસે માંગીને દૂધ પીધું.) માણેકચંદની મા દેવદમનનો હાથ પકડીને નામ પૂછીને કલેઉ દેતી.	૧) દેવદમનના વામ ભાગે નાગદમન - યમુનાજી, દક્ષિણભાગે ઈન્દ્રદમન - ગિરિરાજજી બિરાજતાં. ૨) પ્રભુને ખાતર વેદકર્મને ગૌણ ગણવા.

૭૩. સદુ પા ે

(૧) યમદંડ, કાળદંડ, શ્રીયમુનાજીની કૃપાથી દૂર થાય.

यमुं. १ – ६ न जातु यमयातना

(૨) તે એથી કે જેટલા અવતાર છે શ્રીજગન્નાથદેવ, નારાયણદેવ આદિ તેમના માનમર્દનકર્તા શ્રીગોવર્ધનધર છે.

अं.प्र ७ – १ कृष्णात्परं नास्तिदैवं वस्तुतः दोषवर्जितम्

( ) તમારો પ્રેમ દેવદમનમાં છે તે જ સૌથી શ્રેષ્ઠ છે તમે નિષ્કપટ શુદ્ધ ભક્ત છો.

पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

( ) તારીબેટી નરો છે, તેની સાથે સાંજ સવાર મને મોકલી આપજે.

સદુ પા ે

વાર્તા – ૭૩

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) નરો, મારું નેગનું દૂધ લાવ. ૨) વારી જાઉ લાલ, લાવું છું.) મહારાજ, તમે જીત્યા અને અમે હાર્યા.) બાવા, તમારી શી ઈ છા છે ? ૫) મને ગાય બહુ પ્રિય છે.) હું વારી જાઉં, નિત્ય આ સમયે જ કલેઉ લઈ જજે.	૧) યાત્રામાં દમલાજી, કૃષ્ણદાસ મેઘન, મોટા રામદાસ, માધવદાસ અને નારાયણદાસ સાથે હતાં. ૨) રામદાસ ચૌહાણ પાસે પ્રથમ સેવા કરાવી.) પ્રભુએ ગાય માંગી.) પ્રભુ, સામેથી કલેઉ લેવા આવતાં.

सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः

(૫) ત્યારે માણેકચંદે કહ્યું મહારાજ, મને શરણે લો.

कृष्णा. ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

( ) એક સમય શ્રીગોવર્ધનધર કહે મને ગાય બહુ જ પ્રિય છે ત્યારે શ્રીઆચાર્યજીએ સદુ પાન્ડેને બોલાવી વેદકર્મ કરવાની પોતાની પવિત્રી હતી તે દઈ કહે, એના પૈસા કરી.... ગાય લાવી દો.

अं.प्र ७ – ४ आज्ञैव कार्या सततं

( ) તે દૂધ પીને કટોરીમારા ઘરે મૂકી ગયો છે. આખરે બાળક તો ખરોને ! અને કહે, હું વારીજાઉં ! નિત્ય કલેઉ આ જ સમયે લઈ જજે.

पु.प्र.म ४ – १६ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
રસભદ્રા	**ગૌડ બ્રાહ્મણ**	**પ્રયાગ**	**બાલકૃષ્ણજી**

પ્રસંગ	તત્ત્વબોધ
૧) પ્રયાગમાં નાગાબાવા ઉપાડી ગયા. ૨) શ્રીનાથજીના બાગની સેવા કરતા.) પ્રભુ સમક્ષ બાળક ઉપર ક્રોધ કર્યો.) પાન કરમાઈ ન જાય માટે પૂરી રાત તેને પંખો નાંખતાં. ૫) આંખો બંધ કરીને પ્રભુના પંખાની સેવા કરતા.) પ્રભુએ બુદ્ધિ ફેરવી, તે યાત્રા કરવા નીકળ્યા.	૧) ક્રોધથી સેવા છૂટે છે. ૨) પ્રભુ કોઈપણ દંડ કરે તો તેની પાછળ કૃપા જ છે અને વિરહનું દાન કરે છે.) **આચાર્યજીની આજ્ઞામાં વિશ્વાસ રાખવો.**) અપરાધ દૂર કરવા ઠાકોરજીનો વિરહ એ સાધન છે.

૭૪. નરહર સંન્યાસી

(૧) ત્યારે શ્રીઆચાર્યજી સંધ્યાવંદન કરીને કહે, ગોપાળદાસ આવ્યો ?
સિ.મુ ૩ – ૧૮ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः

(૨) આપની કૃપાથી આ સંસારસમુદ્રમાંથી તરીશ. બીજું તો મારું બળ કંઈ નથી. તેથી કૃપા કરીમને આપને શરણે રાખો.
કૃષ્ણા. ૯ – ૧૦ सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्
કૃષ્ણા. ૯ – ૧૦ शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

( ) જે સેવા બતાવો તે કરું, ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમારીસાથે ગોવર્ધન ચાલો ત્યાં શ્રીગોવર્ધનધરના બાગની સેવા કરો.
ન.ર ૬ – ૭ सेवाकृतिर्गुरोराज्ञा

( ) ગોપાળદાસ રીસના માર્યા ત્યાં આવ્યા અને ક્રોધમાં મંદિરનું જ્ઞાન રહ્યું નહીં અને તે બાળકને એક ધોલ મારી.... આથી શ્રીનાથજીને ઘણું ખોટું લાગ્યું જે મારીઆમન્યા ન રાખી.
વિ.ધૈ. ૮ – ૧૧ भकतद्रोहे भक्ष्यभावे, भक्तैश्चातिक्रमे कृते
સં.નિ ૧૪ – ૬ विषयाक्रान्तदेहानां, नावेशः सर्वदा हरेः

(૫) ત્યારે ગોપાળદાસ પાન છાબ ઉપર બિછાવી ઉપર ભીનું કપડું ઢાંકી આખી રાત્રિ પંખો કરે.
અં.પ્ર ૭ – ૫ सेवकस्य तु धर्मोऽयं

હાલ
મુંબઈ

નરહર સંન્યાસી

વાર્તા – ૭૪

ઉદ્‌ગાર વાક્યો	વિશિષ્ટતા
૧) ગોપાળદાસ, નેત્ર ખોલ મારાં દર્શન કર. ૨) મને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞા નથી.	૧) **ગુરુ સેવકનું હિત વિચારતા રાત્રે સેવકો** શી પ્રવૃત્તિ કરે છે તે જોવા નીકળતા. ૨) **ગુરુઆજ્ઞા – પ્રભુએ કહ્યું તો પણ નેત્ર** ખોલી દર્શન ન કર્યા.

( ) દૂરથી જૂએ તો કોઈ સેવક કીર્તન ગાય છે, કોઈ સેવક ધોળ ગાય છે.... તે જોઈને આપ પ્રસન્ન થયા.
ચતુઃ. ૧૦ – ૪ स्मरणं भजनं चापि, न त्याज्यमिति मे मतिः

( ) શ્રીનાથજી કહે ગોપાળદાસ, નેત્ર ખોલ, મારાં દર્શન કર. ત્યારે ગોપાળદાસ કહે, મહારાજ, મને શ્રીઆચાર્યજી મહાપ્રભુની આજ્ઞા નથી. તેથી નેત્ર નહીં ખોલું.
ન.ર ૬ – ૭ सेवाकृतिर्गुरोराज्ञा
ન.ર ૬ – ૭ अतः सेवापरं चित्तं, विधाय स्थीयतां सुखम्

( ) આ એનો અપરાધ છે તેથી એને દંડ દઈ શુદ્ધ કરવો, તેથી એને વિરહ દુઃખ કરાવી પછી અંગીકાર કરું.
પુ.પ્ર.મ ૪ – ૧૮ आसक्तौ भगवानेव, शापं दापयति क्वचित् ।
अहंकारेऽथवा लोके, तन्मार्गस्थापनाय हि ॥
સે.ફ ૧૬ – ૨ उद्वेगः प्रतिबंधो वा, भोगो वा स्यात्तु बाधकः

( ) એટલે વિરહથી વ્યાકુળ થઈને પડયા. હાય ! મારા જેવો દુષ્ટ કોણ હોય ! શ્રીનાથજીની સેવા, સ્વરૂપાનંદનો અનુભવ, વૈષ્ણવનો સંગ એ બધું છોડીને હું તીર્થયાત્રાએ ચાલ્યો.
નિં.લ ૧૫ – ૧ यच्च दुःखं यशोदाया, नंदादीनां च गोकुले
બા.બો ૨ – ૧૬ जीवाः स्वभावतो दुष्टाः

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
નંદા-શુભદા	**બ્રાહ્મણ**	**વાડચોઈલા**	**નવનીતપ્રિયજીનાં વસ્ત્ર**

પ્રસંગ	તત્વબોધ
૧) માટીની ભેખડમાં દબાઈ ગઈ તે મહાપ્રભુજીએ બહાર કઢાવી. ૨) વૈષ્ણવો ખાતર વાણિયાને ત્યાં તેની ઈ છા પૂરી કરવા ગયા. (અપવાદ)	૧) **ગુરુઆજ્ઞા માથે ચડાવી વૈષ્ણવની સેવા** માટે કોઈપણ પ્રકાર કરવો. ૨) કૃષ્ણસેવા અત્યંત દુર્લભ છે.

૭૫. કૃષ્ણદાસ અને સ્ત્રી

(૧) ત્યારે કૃષ્ણદાસે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરીવિનંતી કરી, મહારાજ અમારા ઘરે પધારીઅમને બન્નેને સેવક કરો.

કૃષ્ણા ૯ – ૧૦ शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

(૨) વળી શ્રીનવનીતપ્રિયજીનાં વસ્ત્રની સેવા પધરાવી આપી.

सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

( ) પછી તે વાણિયાની દુકાન ઉપર આવીને તેને કહ્યું કે એક રાત્રિ આવીશ ..... શ્રીઠાકોરજીને ભોગ ધરીબધા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો.

न.र ६ – ७ सेवाकृतिर्गुरोराज्ञा

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
ચંદ્રિકા	**ક્ષત્રિય**	**આગ્રા**	**નવનીતપ્રિયજીનાં વસ્ત્ર**

પ્રસંગ	તત્વબોધ
૧) મહાદેવજીએ હરિભક્ત પુત્ર આપ્યો. ૨) કન્હૈયાશાલજીને ત્યાં આચાર્યજીનાં દર્શન કર્યાં.) ધન નાશ થયા પછી બજારમાં કોડી વેચતા.) નારાયણદાસે મોકલેલ દ્રવ્ય ગુસાંઈજીને મોકલી આપ્યું. ૫) શેઠને સંતદાસની મંડળીની ઈર્ષ્યા થતી.) મહાદેવજી મંડળીમાં ભગવત્કથા સંભળાવતા.) ગુસાંઈજીએ યાદ કરીને ચરણામૃત મોકલી આપ્યું.	૧) ઠાકોરજીના દ્રવ્યમાંથી ખાય તો બહિર્મુખ થાય. ૨) વૈષ્ણવનું દ્રવ્ય રખાય નહિ.) મર્યાદામાર્ગી સાથે ભગવદ્વાર્તા ન કરવી.) ભગવદ્ આશ્રય સર્વોપરી છે. ૫) તીર્થનો આશ્રય કે લીલાસ્થલીમાં અગ્નિદાહનો આગ્રહ ન રાખવો.) વિવેક, ધૈર્ય અને આશ્રયમાં સ્થિર થવું.

કૃષ્ણદાસ અને સ્ત્રી

વાર્તા – ૭૫

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) કૃષ્ણદાસ, તું ધન્ય છે કે અમે વૈષ્ણવસેવાની આજ્ઞા કરી હતી તેવી જ તેં તન, મન, ધનથી કરી.	૧) વૈષ્ણવ સુખ - વાણિયાને ત્યાં તેની ઈ છાપૂર્તિ માટે ગયા. ૨) વૈષ્ણવના સંગે વાણિયો પણ વૈષ્ણવ થયો.) **ગુરુઆજ્ઞા - વૈષ્ણવની સેવા કરવા ગુરુએ કહ્યું હતું તે પાર પાડી.**) વૈષ્ણવના સુખ માટે મર્યાદા બાજુમાં મૂકી.

न.र ६ – ७ अतः सेवापरं चित्तं, विधाय स्थीयतां सुखम्
चितोद्वेगं विधायापि, हरिर्यद्यत्करिष्यति
तथैव तस्य लीलेति, मत्वा चिंतां द्रुतं त्यजेत्

अं.प्र. ७ – १० अशक्ये हरिरेवाऽस्ति, मोहं मा गाः कथंचन

वि.धै ८ – ६ त्रिदुःखसहनम् धैर्यमामृतेः सर्वतः सदा

( ) વાણિયાને કહે કે કૃષ્ણદાસના સંગથી તને જ્ઞાન થયું છે તેથી તું કૃષ્ણદાસનો સંગ કરજે., તે વડે તેને ભગવત્ પ્રાપ્તિ થશે.

न.र ६ – २ निवेदनं तु स्मर्तव्यं, सर्वथा तादृशैर्जनैः

(૫) પરંતુ વૈષ્ણવનો દાસ થઈ વૈષ્ણવની સેવા કરવી બહુ કઠણ છે.

पु.प्र.म ४ – २१ वैष्णवत्वं हि सहजम्

સં દાસ ોપ ।

વાર્તા – ૭૬

ઉદ્ગાર વાકયો	વિશિષ્ટતા
૧) તમારી પ્રભુતામાં ઠાકોરજીને એક દિવસનો રાજભોગ ન ધરાયો. ૨) એમનો વિવેક ધૈર્ય, આશ્રય એમનાથી જ બને.) જન્મભર આચાર્યજીનો આશ્રય કર્યો, હવે શું રેણુકા તીર્થનો આશ્રય કરું !) ગોકુળમાં જઈને શું મારી ધૂળ ઉડાવું !	૧) પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર ભણાવ્યું. ૨) ગુસાંઈજીની કૃપાળુતા - વૃદ્ધત્વને લીધે સંતદાસ આવી ન શકયા તો ચરણામૃત સામેથી મોકલી આપ્યું.) વિવેક, ધૈર્ય, આશ્રય ત્રણેય સિદ્ધ થયાં.

૭૬. સં દાસ ોપ ।

(૧) મહારાજ, કૃપા કરીમારા ઘરે પધારો, મારા કુટુંબને પાવન કરો.
कृष्णा ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

(૨) સ્ત્રીને નામ સંભળીવીશું. દૈવી નથી પરંતુ તારા સંગથી કૃતાર્થ થશે.
बा.बो २ – १८ अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः

( ) સંસારનું દુ:ખ સુખ બાધા ન કરે, આપનું સ્વરૂપ હૃદયારૂઢ થાય.
नि.ल १५ – १३ संसारविरहकलेशौ, न स्यातां हरिवत्सुखम्

( ) પુષ્ટિમાર્ગીય ફળનો અનુભવ થાય.
सि.मु ३ – १६ आत्मानंदसमुद्रस्थं, कृष्णमेव विचिन्तयेत्
से.फ १६ – १ अलौकिकस्य दाने हि, चाद्यः सिद्धयेन्मनोरथः

(૫) અને કેટલાક દિવસમાં તમારા બધા દ્રવ્યનો નાશ થશે.
बा.बो २ – १४ लोकेऽपि यत् प्रभुर्भुंक्ते, तन्न यच्छति कर्हिचित्

( ) માટે વિવેક રાખીને ધીરજ ધરજો.
वि.धै ८ – ६ त्रिदु:खसहनम् धैर्यमामृतेः सर्वतः सदा

( ) દૈવી છો તેથી તમારા ધર્મ નભશે, બીજાથી કઠણ છે, હું તારા ઉપર પ્રસન્ન છું તેથી

સખી	જ્ઞાતિ	ગામ	સેવ્યસ્વરૂપ
શીલા–લીલા	**ગંગાપુત્ર બ્રાહ્મણ**	**જગન્નાથપુરી પાસે**	

પ્રસંગ	તત્વબોધ
૧) માધવદાસને પીરનો આશ્રય હતો. ૨) સુંદરદાસ સંતસેવા કરતા.) આચાર્યજીની હાજરીથી પીર જમવા આવી ન શકયો.) થોડા જ મહાપ્રસાદમાં પૂરા ગામના વૈષ્ણવોને જમાડયા.	૧) ઠાકોરજીનો સ્પર્શ થાય તે વસ્તુ ખૂટે નહિ. ૨) **પ્રભુમાં વિશ્વાસ જોઈએ.**) ભગવદીયના સંગથી ગમે તેવા દુષ્ટ જીવનો પણ ઉદ્ધાર થાય.

૭૭. સુંદરદાસ મા વદાસ

(૧) ત્યારે સુંદરદાસ કહે, મહારાજ, મને શરણે લો.
कृष्णा ९ – १० शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्

(૨) અને સુંદરદાસ સેવા કરવા લાગ્યા
सि.मु ३ – १ कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता

( ) વળી તમારા મનમાં એનો ઉદ્ધાર કરવાનું આવ્યું છે તેથી હવે એને શરણે લઈને વૈષ્ણવ અવશ્ય કરવો છે.

તેને લૌકિક બાધા નહીં કરે.
सि.मु ३ – १८ अनुग्रहः पुष्टिमार्गे, नियामक इति स्थितिः

( ) પછી નિષ્કંચન થયા. પરંતુ મનમાં આનંદ થયો કે શ્રીઆચાર્યજીએ કહ્યું તે થયું.
वि.धै ८ – १५ ब्रह्मास्त्र–चातकौ भाव्यौ, प्राप्तं सेवेत निर्ममः

( ) તેથી પોતાની રાજભોગની સેવા સિદ્ધ ન થઈ.
